# અરવલ્લી જીલ્લામાં ઘઉંના ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો શોભાના ગાંઠિયા બન્યા

અરવલ્લી, તા. ૧૯

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ખેડૂતોના હામી હોવાના દાવાઓ કરી રહી છે બીજી બાજુ ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ ન મળતા જીવનનિર્વાહ ચલાવવાના ફાંફા પડી રહ્યા છે. જેથી ખેડૂતો આત્મહત્યા કરવા મજબુર બની રહ્યા છે. રાજ્ય સરકારે ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવ નક્કી કરી ખરીદકેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે, પરંતુ યોગ્ય વ્યવસ્થાના અભાવે મોટાભાગના ખેડૂતોને તેમના મહામુલા પાકને ટેકાના ભાવ કરતા નીચા ભાવે માર્કેટયાર્ડમાં વેચવા મજબુર બનવું પડે છે. અરવલ્લી જીલ્લામાં ૭ જેટલા એપીએમસી કેન્દ્રો પર ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવશેની જાહેરાત જીલ્લાના ખેડૂતો માટે ઠગારી નીવડી હોય તેવો ઘાટ સર્જાયો છે. જીલ્લાના ભૂમિ પુત્રોને તલાટી દ્વારા પાણીપત્રક આપવામાં ન આવતા ખેડૂતોના ઘઉં ટેકાના ભાવે ખરીદવાનું ખરીદકેન્દ્રો પરના કર્મચારીઓએ નનૈયો ભણતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. રાજ્ય સરકારે ટેકાના ખરીદ કેન્દ્રો પર વૈકલ્પિક સુવિધા ઉભી કરવાની માંગ પ્રબળ બની છે મોડાસામાં ટેકાના ભાવે ઘઉં ખરીદ કેન્દ્ર પર ટ્રેક્ટરોમાં ઘઉં ભરી વેચવા પહોંચતા ખરીદ કેન્દ્ર પર ઘઉંના ખરીદી પાણીપત્રકના હોવાનું જણાવી ખરીદી ન થતા ખેડૂતો કલેક્ટર કચેરીએ રજૂઆત કરવા પહોંચતા કલેક્ટર કચેરીના જવાબદાર અધિકારીએ હૈયાધારણા આપી રવાના કરી દેવામાં આવ્યા હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લાના ટેકાના ભાવે ઘઉં ખરીદ કરવાના ૭ જેટલા ટેકાના કેન્દ્રો શોભાના ગાંઠિયા બનતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફેલાયો છે ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ઘઉં વેચવામાટે પાણીપત્રક ફરજીયાત હોવાથી અને જીલ્લાના તલાટીઓ રાજ્ય તલાટી મહામંડળ દ્વારા પાણીપત્રકની કામગીરીથી અળગા રહેવાનો પરિપત્ર કરતા ખેડૂતોને પાણીપત્રક આપતા ન હોવાથી જીલ્લાના ખેડૂતો ટેકાના ભાવે ઘઉં વેચી ન શકતા હાલત કફોડી બની છે. મોડાસામાં ઘઉંના ટેકાના ભાવે ખરીદ કરતા કેન્દ્ર પર દધાલિયા ગામના ખેડૂતો ટ્રેક્ટરોમાં ઘઉં ભરી પહોંચતા ખરીદકેન્દ્ર પર હાજર કર્મચારીએ પાણીપત્રક માંગતા ખેડૂત પાસે ન હોવાથી અને તલાટી દ્વારા ખેડૂતોને પાણીપત્રક આપવામાં ન આવતું હોવાની રજૂઆત કરવાની સાથે ખેડૂતો પાણીપત્રક તલાટી દ્વારા જીલ્લાના ખેડૂતોને આપવામાં આવે તેમાટે કલેક્ટર કચેરીએ પહોંચતા કચેરીના હાજર અધિકારીએ પાણીપત્રક માટે હૈયાધારણા આપી યોગ્ય કાર્યવાહી કરવાનું જણાવ્યું હતું બીજીબાજુ ભાડાના ટ્રેક્ટર માં ઘઉં ભરીને આવનાર ખેડૂતોને ૧૫૦૦ રૂપિયાનું ભાડું માથે ન પડે તે માટે ખાનગી વેપારી પેઢીને ઓછા ભાવે ઘઉં વેચવા માટે મજબુર બનવું પડ્યું હતું.



# બનાસકાંઠા જિલ્લામાં ઉનાળામાં પણ લોકોને પીવાના પાણીની કોઈ તકલીફ નહી પડે

પાલનપુર, તા. ૧૯

ધીમેધીમે ગરમીની શરૂઆત થઈ રહી છે ત્યારે બનાસકાંઠા જીલ્લામાં ઉનાળામાં પણ લોકોને પીવાના પાણીની કોઈ જ તકલીફ ન પડે તે માટે કલેકટર દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર પાણી પુરવઠા બોર્ડની કચેરીના અધિકારીઓ દ્વારા સંગીન આયોજન અને કામગીરી હાથ ધરવામાં આવી છે. સુપ્રિન્ટેન્ડન્ટ એન્જીનિયર, પાણી પુરવઠા બોર્ડની કચેરી પાલનપુર દ્વારા સંભવીત પીવાના પાણીની તંગી નિવારવા માટે રૂ. ૫૭૬ લાખનો સ્પેશ્યલ કન્ટીજન્સી પ્લાન બનાવી પાણીની મુશ્કેલી થઈ શકે તેવા ૯૦ ગામો માટે વિશેષ આયોજન કરાયું છે. તે અનુસાર ૨૧ ગામોમાં રૂ. ૩૦૯ લાખના ખર્ચથી ઉંડા પાતાળ કુવા બનાવવા, ૪૧ ગામોમાં ૨૨ જેટલા ટેન્કરોથી પાણી પુરૂ પાડવું, ૨૭ ગામોમાં વ્યક્તિગત રીજુવિનેશન અન્વયે પાણી પુરૂ પાડવું, ૧૪ ગામોની જૂથ યોજનામાં જરૂરી સુધારા કરીને પાણીની વ્યવસ્થા જાળવવામાં આવશે.

બનાસકાંઠા જીલ્લામાં કુલ ૧૮ જેટલી વિવિધ જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે. તેમાં ૧૧૦૫ ગામો આવરી લેવામાં આવ્યાં છે જે પૈકી ૯૮૮ ગામોમાં અને ૯ શહેરોમાં પીવાનું પાણી આપવામાં આવે છે. સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાઓમાં ૧૨૦ ગામો અને ૩ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જીલ્લાનો ઉત્તર પૂર્વ વિસ્તાર ખડકાળ હોવાથી ત્યાં ઉંડા બોર શકય ન હોવાથી સાદા કુવા-હેન્ડપંપ આધારીત પીવાના પાણીની વ્યવસ્થા કાર્યરત છે. જીલ્લામાં કુલ ૫૮૭૭ હેન્ડપંપ ગ્રામ્ય વિસ્તારોમાં અને ૭૩ હેન્ડપંપ અંબાજી મુકામે કાર્યરત છે. હેન્ડપંપ રિપેરીંગ માટે જીલ્લામાં ૪ ટીમો કાર્યરત છે.

## પર્યાવરણ જાળવી રાખવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે

રાજ્યમાં પર્યાવરણ શુદ્ધ રાખવાના હેતુથી વન વિકાસ માટે કટિબદ્ધ છે, તેમ વન રાજ્ય મંત્રી રમણભાઈ પાટકરે જણાવ્યું છે. ગાંધીનગર વિધાનસભા ખાતે આજે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન ઉધનાના ધારાસભ્ય વિવેકભાઈ પટેલ, અમરાઈવાડીના ધારાસભ્ય હસમુખભાઈ પટેલ, કરંજના ધારાસભ્ય પ્રવિણભાઈ ઘોઘારી દ્વારા શક્તિવન મહોત્સવ સંદર્ભે પૂછવામાં આવેલા લેખિત પ્રશ્નો પ્રત્યુત્તર આપતાં મંત્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્યનો ૬૫મો વન મહોત્સવ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના કાગવડ ખાતે ઉજવવામાં આવ્યો હતો. આ વન મહોત્સવમાં ખાટી આંબલી, ચંદન, ગુગળ, શીશુ, લીમડા, કદમ, અશોક, ફાણસ, કરંજ, કણઝી પીપળ, વડ, પીપળો, ક્રિષ્ના, સપ્તપર્ણી, પેલ્ટો ગરમાળો, રાવણા, અરીઠા, આંબા, અર્જુનસાદડ, ઉમરો, રાયણ, પાગવડ, રૂદ્રાશ, બહુનિયા, રૂખડો, કુસમ અને પામ જગેરે જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યા હતા.

# પોલીસની બાજ નજરથી બચવા બુટલેગર પિતા-પુત્રની અજીબો-ગરીબ તરકીબ

### મેઘરજના ગેડ નજીકથી કારની સીએનજી કીટમાં સંતાડીને લવાતા ૪ હજારના બીયરના જથ્થા સાથે પિતા પુત્રની ધરપકડ

મેઘરજ, તા. ૧૯

ગુજરાતમાં દારૂબંધીની વાતો વચ્ચે પ્રતિદિન દારૂની હેરફેર થતી જોવા મળે છે. તો વળી થોડો ઘણો દારૂનો જથ્થો ઝડપી લઈને દારૂબંધીના અમલની વાત કરવામાં આવી રહી છે. જોકે હકીકત એ છે કે ગુજરાતમાં દારૂનું વેચાણ અને પીનારાઓની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે અરવલ્લી જીલ્લાની ઈસરી પોલીસે મારુતિકારમાં ફિટ કરેલી સીએનજી ગેસની ટેન્કમાં બાકોરું



પાડી બીયરના જથ્થાની હેરાફેરી કરતા નરોડા અમદાવાદના બુટલેગર પિતા પુત્રને ઝડપી પાડી ૪ હજારનો બીયરનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી બુટલેગરો નીતનવા નુસખા અપનાવી ગુજરાતમાં મોટી માત્રામાં વિદેશી દારૂ ઘુસાડવા માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. ત્યારે મેઘરજ નજીક આવેલા ગેડ ગામ નજીકથી પસાર થતી મારુતિ કાર (ગાડી.નં-જીજે.૧.બીપી. ૪૯૮૯)ને ઈસરી પોલીસે અટકાવી તપાસ હાથ ધરાતા કાર માં ફિટ કરેલ સીએનજી કીટ ની ટેન્ક માં સાંધો જોવા મળતા પોલીસે ટાંકી માં કાણું ખોલતા જ ટાંકી માંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટ ના હાવર્ડ ૫૦૦૦(૫૦૦ એમ.એલ)ના ટીન નંગ-૪૦ કીં. રૂ. ૪૦૦૦નો જથ્થો મળી આવતા કાર ચાલક અમરત ઉર્ફે કાળું કિશન ચારણ (ગઢવી) અને તેના પુત્ર વિપુલ અમરત ચારણની ધરપકડ કરી મારુતિ કારની કિંમત રૂપિયા ૫૦૦૦૦ મળી કુલ રૂ.૫૪૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પિતા પુત્ર વિરુદ્ધ ઈસરી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# લાખણીના અસાસણ ગામના સંચાલક સરકારી જથ્થો ચાઉં કરી જતાં ખળભળાટ

થરાદ, તા. ૧૯

લાખણીના અસાસણ ગ્રામ પંચાયતના સરપંચે જિલ્લા કલેકટરને ગામની સસ્તા અનાજની દુકાનેથી સરકારી જથ્થો કાર્ડધારકોને નહી મળતો હોવાની રજુઆત કરી હતી. આથી જિલ્લા કલેકટરની ટેલિફોનિક સૂચનાનાથી દિયોદરના નાયબ કલેકટરની દેખરેખ હેઠળ લાખણીના મામલતદાર તથા જીલ્લાના પુરવઠા અને મુખ્ય પુરવઠા નિરીક્ષક અને નાયબ મામલતદાર પુરવઠાની સંયુક્ત ટીમ દ્વારા ૧૪ માર્ચના સાંજના સુમારે ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી.

જેમાં સંચાલકે ૧૩મી માર્ચે જીજે૯વીપ૫૩૭ નંબરની ટ્રકમાં માર્ચ મહિનાના ઘઉંના ૧૫૧ કટ્ટાં (૫૦ કિગ્રા) ચોખા ૬૫ કટ્ટાં (૫૦ કિગ્રા) તથા ૫૯૦ લીટર જથ્થાનો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ થરાદના ગોડાઉનથી ઉપાડ કર્યો હતો. જેમાં બીજા દિવસે માત્ર ૪૦ કટ્ટાં ઘઉં તથા ૧૦ કટ્ટાં ચોખાનો સ્ટોક અને કેરોસીનનો સ્ટોક તો નીલ જોવા મળ્યો હતો. બીજી બાજુ અધિકારીઓને ૨૨ કાર્ડધારકોએ તેમને કોઈ પણ પ્રકારનો જથ્થો નહી મળ્યાનાં નિવેદન આપ્યાં હતાં. અને ૧૮૫ કાર્ડધારકોના કાર્ડની ક્રોસ ચકાસણી કરતાં તેમાં કોઈ પણ પ્રકારના જથ્થાની નોંધ ન હતી.

આમ માવજીભાઈ સી. ચાવડાએ ૧૧૧ કટ્ટાં ઘઉં તથા ૫૫ કટ્ટાં ચોખા અને ૯૧૦ લીટર (ઉઘડતા જથ્થા ૩૨૦ લીટર સાથે) બારોબાર સગેવગે કરી દીધાનું બહાર આવ્યું હતું. જેની પુછપરછ કરતાં તે થરાદ ગોડાઉનથી જથ્થો તેમની દુકાને આવ્યો ત્યારે હાજર ન હોઈ મેળવણી કરી ન શક્યા અને દુકાનનું રેકર્ડ મહેતાજી હિસાબ લખવા લઈ ગયાના અસંતોષકારક જવાબ આપ્યા હતા.

વળી સંચાલકે માત્ર માર્ચ મહિનાનો જ નહી પરંતુ ૨૦૧૪-૨૦૧૫-૨૦૧૬-૨૦૧૭ અને ૨૦૧૮નો જથ્થો પણ આવી જ રીતે ગામમાં લાવીને કે વેચાણ કરવાના બદલે બારોબાર વેચી માર્યો હોવાના પણ આક્ષેપ થવા પામ્યા હતા. અને તેઓ માથાભારે માણસ હોઈ આખુ ગામ ડરતું હોઈ તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી માલ પરત લાવવાની માંગ ઉઠવા પામી હતી.

આ અંગે લાખણીના મામલતદાર ડી.સી. પરમારે થરાદ પોલીસ મથકમાં ધી આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ની કલમ ૩, ૭ તથા ઈપીકો કલમ ૪૦૬, ૪૦૯ મુજબ જથ્થો સરકાર તરફથી રેશનકાર્ડ ધારકોને આપવાને બદલે અન્યને વેચાણ કરી સગેવગે કરી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાની ફરીયાદ નોંધાવી હતી. આ બનાવથી ચકચાર મચવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ટીમે તપાસ હાથ ધરી તે વખતે લાખણી તાલુકા ઠાકોર સેનાના પ્રમુખ તેમજ સસ્તા અનાજની દુકાનના સંચાલક દારૂ પીધેલા પણ ઝડપાઈ જવા પામ્યા હતા.

# કાંકણોલમાં પેન્શન અપાવવાના બહાને ૫.૦૫ લાખની છેતરપીંડી

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર તાલુકાના કાંકણોલ ગામના એક રહિશને ચાર માસ અગાઉ ચાર શખ્સોએ ત્રણ અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન કરીને એક ઈન્સ્યોરન્સ કંપનીની બંધ પડેલી પોલીસી ચાલુ કરાવવા માટે જણાવી પેન્શન મળશે તેવી લાલચ આપી આ રહિશ પાસેથી અંદાજે રૂપિયા ૫.૦૫ લાખ જમા કરાવી પેન્શન ન અપાવી નાણાં પરત ન આપતા ચારેય જણા વિરૂદ્ધ રવિવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે કાંકણોલમાં આવેલ ડીસન્ટ સ્કૂલની બાજુમાં સી.કે. રેસીડેન્સીમાં રહેતા મહેન્દ્રભાઈ જોયતાભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૨૦-૧૨-૨૦૧૭થી આજ દિન સુધીમાં તેમને પ્રિયંકા ચૌધરી, આર.કે. જૈન, સત્યપ્રકાશ દેશમુખ અને રાધારમણ શર્મા નામના શખ્સોએ મહેન્દ્રભાઈને ત્રણ અલગ અલગ નંબરો પરથી ફોન કરીને તેમની મેટ લાઈફ ઈન્સ્યોરન્સની પોલીસી બંધ હોય તે ચાલુ કરાવવા માટે જણાવ્યું હતું.

જો મહેન્દ્રભાઈ તેમની બંધ પોલીસી ચાલુ કરાવશે તો તેમને પેન્શન યોજનાની નવી સ્કીમમાં નાણાં રોકવાથી વાર્ષિક રૂપિયા ૩ લાખ મળશે. તેવી લાલચ આપી મહેન્દ્રભાઈ પાસેથી જુની પોલીસી ચાલુ કરાવવા માટે અલગ અલગ ખાતામાં રૂ. ૫,૦૫,૫૦૦ની રકમ જમા કરાવી દીધી હતી. પરંતુ તેમને પેન્શનનો લાભ મળ્યો ન હતો. જેથી આ ચારેય શખ્સોએ છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી મહેન્દ્રભાઈના રૂ. ૫.૦૫ લાખ પરત આપ્યા ન હતા. જેથી કંટાળીને મહેન્દ્રભાઈ પટેલે આ ચારેય શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ઈડર ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી - તાલીમ વર્ગનો પ્રારંભ

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ સાબરકાંઠા જિલ્લા ઘટક આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષા નિઃશુલ્ક તાલીમ વર્ગનો પ્રારંભ કરાયો હતો. ઉદ્દઘાટન સમારોહના અધ્યક્ષપદેથી બોલતા ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)ના ચેરમેન ગૌતમભાઈ ગેડીયાએ સારી કારકિર્દીના ઘડતર માટે આ તાલીમવર્ગ ખૂબ જ ઉપયોગી નીવડશે તેમ જણાવી સાબરકાંઠા જિલ્લા ઘટકની કામગીરીની પ્રશંસા કરી હતી. જિલ્લા શિક્ષણ ભવનના આચાર્ય અને ઉદ્દઘાટક કે.ટી. પુરાણીયાએ ખૂબજ માનનીય ઉદબોધનમાં યુવાનો એકથી એક કુશળતા કેવી રીતે હાંસલ કરી શકે તેનું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના મહામંત્રી જયંતીભાઈ શ્રીમાળી અને સહાયક માહિતી નિયામક (નિવૃત્ત) ભાનુભાઈ દવેએ તાલીમ વર્ગની પૂર્વભૂમિકા આપીને કારકિર્દીમાં સમય પાલન-સમય પ્રબંધનનું મહત્વ સમજાવ્યુ હતુ. સ્પર્ધાત્મક પરીક્ષા તજજ્ઞ નિલેષભાઈ વૈશ્યક અને મિતેષ પંડ્યાએ યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાથી વાકેફ કર્યા હતા.

આ પ્રસંગે પૂર્વ પ્રમુખ કે.કે. પંડ્યા, પ્રમુખ કે.પી. પંડ્યા, શ્રીમતિ કાન્તાબેન પંડ્યા, ડૉ. કમલેશભાઈ, ડૉ. જયેશભાઈ શ્રીમાળીએ પ્રાસંગિક વાત કરી હતી. પ્રસંગમાં અગ્રણી સુમન પંડ્યા, ભાનુભાઈ શ્રીગોડ સહિતના સાબરકાંઠા ઘટકના અગ્રણીઓ-યુવક-યુવતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તાલીમાર્થીઓને પરીક્ષાલક્ષી કીટ આપવામાં આવી હતી. મહામંત્રી મનસુખભાઈ પંડ્યાએ કાર્યક્રમનું સુચારૂ સુંચાલન કર્યુ હતું.

# કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખે ચાર્જ સંભાળ્યો

તાલુકા પંચાયત મા બ્રામ્ણ દ્વારા વેદિક મંત્રો સાથે વિધિવત ચાર્જ લીધો હતો અને તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી અને સ્ટાફના કર્મચારીઓ દ્વારા પ્રમુખો નું સાલ થી સ્વાગત કરવામાં આવ્યું હતું .કુમ કુમ તિલક કરી સદારામ બાપુ ની જય બોલાવી લોકો એ વધાવ્યા હતા

કોંગ્રસના ડી ડી જાલેરા, દિનેશ ઠક્કર, કીતુભા વાઘેલા, બલવંતજી દૂધેચા, સહિતના કોંગ્રસના સભ્યો અને આગેવાનો ઊપસ્થિત રહ્યા હતા .ત્યાર બાદ પ્રમુખના વતન પાદર ખાતેના પોતાના નિવાસ્થાને જિલ્લા પંચાયતના સભ્યો અને તાલુકાના સભ્યોના સન્માન કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યા મા લોકો ઊપસ્થિત રહ્યા હતા .પૂર્વ ધારાસભ્ય ધારસિંહભાઈ ખાનપુરા .ગોપાળસિંહ સોલંકી .પુરાણસિંહ વાઘેલા .ઈશ્વર દેસાઈ .બચુજી ઠાકોર .વડા જિલ્લા પંચાયતના સભ્ય રાઠોડ સહિતના કોંગ્રસના તાલુકા અને જિલ્લાના હોદ્દેદારો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા અને ફૂલ હાર સાલ થી સ્વાગત કરવા મા આવ્યું હતું .આમ કાંકરેજ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત કોંગ્રસના હાથમાં આવતા ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# દહેજનું ભૂત ધુણ્યું : પુનાની પરણીતાને ૧૦ લાખના દહેજ માટે કાઢી મુકાઈ

પાલનપુરની મોટીબજાર વિસ્તાર માં રહેતી એક મહિલાના લગ્ન પુના ખાતે થયા હતા. જોકે, તેના સાસરિયાઓએ રૂપિયા ૧૦ લાખના દહેજની માંગણી કરી ઘરમાંથી હાંકી કાઢી હતી. આ અંગે તેણીએ સાસરી પક્ષના વ્યક્તિઓ ૫ વ્યક્તિઓ સામે પાલનપુર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુર મહિલા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, શહેરના મોટી બજાર વિસ્તારમાં રહેતા નિક્કીબેન ભરતભાઈ સોનીના લગ્ન પુના ખાતે રોશનભાઈ બાલકિશનભાઈ સોની સાથે થયા હતા. જોકે, સાસરિયા તેણીને ઘરકામ તેમજ અન્ય નાની નાની બાબતોમાં શારીરિક માનસિક ત્રાસ ગુજારતા હતા. દરમિયાન તેના પતિ રોશનભાઈ સહિત સસરા બાલકિસન અશોકભાઈ સોની, દક્ષાબેન બાલકિશન સોની, ભાવિક બાલકિશન સોની, હંસાબેન અશોકભાઈ સોનીએ રૂપિયા ૧૦ લાખના દહેજની માંગણી કરી નિક્કીબેનને ઘરમાંથી હાંકી કાઢી હતી. અને જો દહેજની રકમ નહિ લાવે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે નિક્કીબેનએ પાલનપુર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ સામે ગૂનો નોંધી વધુ તપાસ પીએસઆઇ એસ.એમ મેણાત ચલાવી રહ્યા છે.

### કંપની સમાચાર

## ભારતીય એરોનોટિકલ ઉદ્યોગમાં એચએએલ કંપની અગ્રેસર

સંરક્ષણ મંત્રાલયનાં ૨૦૧૬-૧૭નાં વાર્ષિક અહેવાલ મુજબ, ભારતીય સમયની સાથે એચએએલ સંરક્ષણ ક્ષેત્રમાં ઉત્પાદનનાં મૂલ્યની દ્રષ્ટિએ સૌથી મોટી ભારતીય સંરક્ષણ ઉત્પાદન કંપની બની ગઈ છે. હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ ભારતનાં સાત રાજ્યોમાં અને નવા સ્થાનોમાં ૨૦ ઉત્પાદન ડિવિઝન અને ૧૧ આરએન્ડડી કેન્દ્રો ધરાવે છે. એચએએલ વિમાન, હેલિકોપ્ટર્સ, એરો-એન્જિન્સ, એક્સેસરીઝ, એવિઓનિક્સ અને સિસ્ટમ્સની ડિઝાઈન, ઉત્પાદન, રિપેર, ઓવરહોલ અને અપગ્રેડમાં કુશળતા ધરાવે છે.

સ્થાપિત આરએન્ડડી અને વિવિધ ઉત્પાદનોથી એચએએલને નાણાકીય વર્ષ ૨૦૦૨-૦૩થી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન તમામ વર્ષોમાં ભારત સરકાર પાસેથી ''એક્સલન્ટ'' રેટિંગ, નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯થી નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૯ દરમિયાન જેવા પાંચ વર્ષ માટે ''સંસ્થાગત કેટેગરી'' માટે ''રક્ષા મંત્રીનો કામગીરીમાં ઉત્કૃષ્ટતા માટે એવોર્ડ'', નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં સંશોધન અને વિકાસ, ટેકનોલોજી વિકાસ અને નવીનતા માટે ''સ્કોપ મેરિટોરિયસ'' અને નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં સુશાસન માટે ''સ્કોપ મેરિટોરિયસ એવોર્ડ'' જેવાં ઘણાં પુરસ્કારો પ્રાપ્ત થયા છે.

નાણાકીય વર્ષ ૧૪-૧૫થી ૧૬-૧૭ દરમિયાન એચએએલની આવકમાં ૯ ટકાનાં સીએજીઆરની વૃદ્ધિ થઈ છે, ત્યારે મજબૂત સરકારી પ્રોજેક્ટ્સનાં પીઠબળથી ૬૨ ટકા સીએજીઆરમાં વૃદ્ધિ થઈ છે. છેલ્લાં ત્રણ વર્ષમાં સર્વિસ સેગમેન્ટમાં ૩૨ ટકાની વૃદ્ધિ થઈ છે, જેમાં એન્જિન અને એવિઓનિક એક્સેસરીઝ માટે બેકવર્ડ ઈન્ટિગ્રેશન સામેલ છે. કાર્યદક્ષ કામગીરીઓ ૨૯ ટકાના સીએજીઆરની ઈબીઆઈટીડીએ વૃદ્ધિથી સંચાલિત છે, જેનાં પરિણામે ૧૦ ટકાથી વધારે વૃદ્ધિ જળવાઈ રહી છે. કંપનીની રચના થઈ ત્યારથી નફો કરે છે અને નિયમિતપણે ડિવિડન્ડની ચુકવણી કરે છે.

## વિપક્ષ નિષ્ફળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, ગૃહની કામગીરી ચાલવા દેવામાં આવી ન હતી. અન્નાદ્રમુક ૩૭ સાંસદો ધરાવે છે. જે પાર્ટી તટસ્થ રહી છે જેમાં બીજુ જનતા દળ અને તેલંગાણા રાષ્ટ્રીય સમિતિનો સમાવેશ થાય છે. બીજુ જનતાદળના ૨૦ અને તેલંગાણા રાષ્ટ્રીય સમિતિના ૧૧ સાંસદો છે.

આજે આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સાથે પ્લેકાર્ડ લઈને દેખાવો કરવામાં આવ્યા હતા. અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા થાય તેમ અમે ઈચ્છીએ છીએ તેમ કેન્દ્ર સરકારના પ્રધાનોએ પ્રતિક્રિયા આપી હતી. હાલમાં તક મળતાની સાથે સરકારની સામે માહોલ બનાવવાના વિપક્ષ દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આ દરખાસ્તને હવે મંજુરી મળી શકે છે. કારણ કે, મોટાભાગના વિરોધ પક્ષોએ આને ટેકો આપવાની જાહેરાત કરી દીધી હતી. વાયએસઆર કોંગ્રેસ તરફથી રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવને મોટાભાગના વિરોધ પક્ષોનો ટેકો મળ્યો હતો. કોંગ્રેસ, અન્નાદ્રમુક, ટીએમસી, એનસીપી અને સીપીએમ જેવા મોટા પક્ષોએ અવિશ્વાસ પ્રસ્તાવને સમર્થન આપવાની જાહેરાત કરી દીધી હતી. અલબત્ત વર્તમાન સ્થિતિમાં ભાજપ એકલા દમ પર બહુમતિ પુરવાર કરવાની સ્થિતિમાં તેની સામે કોઈ સંકટ નથી. લોકસભામાં ભાજપ બહુમતિ ધરાવે છે તેના ૨૭૫ સભ્યો છે. ૫૩૯ સભ્યોના ગૃહમાં બહુમતિનો આંકડો ૨૭૧નો છે. કેટલાક સાથી પક્ષોનો પણ ભાજપને ટેકો છે. આજે ભાજપે ધાંધલ ધમાલ માટે વિપક્ષ ઉપર પ્રહાર કર્યા હતા.

## દોષિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંતિમ સપ્તાહમાં લાલૂને દેવઘર મામલામાં સજા ફટકારવામાં આવી હતી. ઘાસચારા કૌભાંડના ત્રણ કેસો પૈકી ત્રીજા કેસમાં લાલૂ અને જગન્નાથ મિશ્રાને ચાઈબાસા તિજોરીમાંથી ઉચાપત બદલ ૫-૫ વર્ષની સજા ફટકારી હતી. ઘાસચારા કોંભાડનો ચોથો કેસ ડુમકા તિજોરીમાંથી ૩.૧૩ કરોડ રૂપિયાની ઉચાપત સાથે સંબંધિત છે. એ વખતે લાલુ યાદવ બિહારના મુખ્યમંત્રી હતા. આ કેસમાં બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા અને અન્ય ૨૯ લોકો પણ આરોપી હતા. ૬૯ વષીય લાલુ યાદવ હાલમાં ગયા વર્ષે સજા કરવામાં આવ્યા બાદથી ડિસેમ્બર મહિનાથી બિરસા મુન્ડા જેલમાં છે. રાંચીમાં ડોરાન્ડા તિજોરીમાંથી ૧૩૯ કરોડ રૂપિયાની ઉંચાપત સાથે સંબંધિત મામલો હજુ પેન્ડિંગ છે. લાલુને ઘાસચારા કૌભાંડના ત્રણ કેસમાં પહેલાથી જ સજા આપવામાં આવી ચુકી છે. જ્યારે મિશ્રાને ઝારખંડમાં જુદી જુદી કોર્ટ દ્વારા બે ઘાસચારા કૌભાંડ કેસમાં અપરાધી જાહેર કરાયા છે.

બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના વડા લાલૂ યાદવને ઘાસચારા કૌભાંડમાં વધુ એક મામલામાં રાંચીની સીબીઆઈ કોર્ટે દોષિત જાહેર કર્યા હતા. અલબત્ત કોર્ટે ૨૨ આરોપીઓમાંથી પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા સહિત છ લોકોને નિર્દોષ છોડી મુક્યા હતા. ૧૯૯૬માં થયેલા આ કૌભાંડ સાથે જોડાયેલા એક મામલામાં ૨૦૧૩માં નિચલી અદાલતે લાલૂ યાદવને દોષિત જાહેર કર્યા હતા. આ કૌભાંડમાં એવા લોકો ઉપર અલગ અલગ છ કેસો ચાલી રહ્યા છે. ૨૩મી ડિસેમ્બરે ખાસ અદાલતે દેવઘરની સરકારી તિજોરીમાંથી ૮૪.૫૩ લાખ રૂપિયાની ગેરકાયદેરીતે ઉચાપતના મામલામાં લાલૂ યાદવને દોષિત જાહેર કર્યા હતા.

## મફત ડેટા

● અનુસંધાન પહેલાનું ચાલુ

એમ કહેવામાં આવે છે કે સરકાર ગ્રામીણ વિસ્તારોમાં નેટ કનેકટિવિટીને વધારી દેવાના હેતુ સાથે આ યોજનાને રજૂ કરનાર છે. આ હેઠળ એવી તમામ જરૂરી વેબસાઈટ ખુલી જશે જે જરૂરી સેવા માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. આ પ્રોજેક્ટને અંતિમ રૂપ આપવામાં લાગેલા અધિકારીઓના કહેવા મુજબ હાલમાં તેના કેટલાક પાસા પર ચર્ચા ચાલી રહી છે. યુએસઓ ફંડને લઈને લોકોને વધારે માહિતી નથી. આ એક એવા ફંડ તરીકે છે જેમાં તમામ ટેલિકોમ કંપનીઓને દર વર્ષે પોતાના લાભતી એક હિસ્સો સરકારની પાસે બનેલા ફંડમાં જમા કરવાની જરૂર હોય છે. વર્ષ ૨૦૦૨થી લઈને ૨૦૧૬ સુધી તેમાં ૬૮ હજાર કરોડ રૂપિયા જમા થઈ ચુક્યા છે. જે પૈકી માત્ર ૨૫ હજાર કરોડ રૂપિયા જ ખર્ચ કરી શકાયા છે.

## ચૂંટણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યસ્ત બની ગયા છે. બન્ને પક્ષના સભ્યોને કેમ્પમાંથી સવારે ગાંધીનગર ખાતે અને ત્યાંથી સીધા સભાખંડમાં લઈ આવવામાં આવશે. જો કે એક-બે સભ્યોને સામાજિક પ્રસંગો તેમજ પરિવારની નાદુરસ્તીના માહોલ વચ્ચે ગાંધીનગર આજે આવી પહોંચ્યા છે પરંતુ તે બધા જ નેતાઓના કવચ હેઠળ છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપને ૧૫ અને કોંગ્રેસને ૧૮ તથા ત્રણ બેઠક અપક્ષોને ફાળે આવી છે. કોંગ્રેસ પણ અપક્ષોના મત મેળવવાનો સંપૂર્ણ વિશ્વાસ ધરાવી રહી છે જ્યારે ભાજપ બે અપક્ષોનું સમર્થન હોવાની વાત સાથે જીતનું ગણિત એકદમ સરસ રીતે બેસી ગયાની વાતો કહી રહેલ છે.

## વરસાદી છાંટણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાદળિયા વાતાવરણના લીધે નગરજનોએ બેચેની અને સુસ્તી અનુભવી હતી. જયારે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીમાં પણ રાહત અનુભવી હતી. વાતાવરણ પલ્ટા વચ્ચે ગરમીનો પારો ત્રણ ડી ગ્રી ગગડયો હતો. જેના લીધે બપોરના સમયે પણ ગરમીમાં રાહત અનુભવાઈ હતી. મહત્તમ તાપમાન ત્રણ ડી ગ્રી ઘટીને ૩૨.૫ ડી ગ્રી એ પહોંચ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૯ ડી ગ્રી થી વધીને ૨૪ ડી ગ્રીએ પહોંચતા મહત્તમ અને લઘુત્તમ તાપમાન બન્ને માં ત્રણ ડી ગ્રીનો નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન મોસમનો બદલાયેલો મિજાજ પણ નગરજનોમાં ચર્ચા સ્થાને રહયો હતો. મોસમના વિચિત્ર મિજાજ વચ્ચે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી હતી. જો કે આજે સવારે અને સાંજે ભેજનુ પ્રમાણ ૨૮ થી ૪૫ ટકા જ રહયુ હતુ. જયારે દિવસ દરમિયાન વરસાદી વાયરો ફુંકાયો ન હતો. પરંતુ વાદળિયા વાતાવરણ વચ્ચે મોસમનો નઝારો બદલાયો હતો.

## વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉચ્ચતર પગાર ધોરણમાં આપવામાં આવતો નથી ના તો શું કારણ તે અંગે રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે પુછેલા પ્રશ્ન અંગે શિક્ષણમંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ તા ૧૮ જાન્યુઆરી વર્ષ ૨૦૦૧૭નો નાણા વિભાગનો ઠરાવ તે વિભાગના ૧૬ ફેબ્રુઆરી વર્ષ ૨૦૦૬ ના ઠરાવની નીતિથી નિમાયેલા વર્ગ-૩ અને વર્ગ-૪ ના વર્ષ ૨૦૦૬ના ઠરાવ અને ત્યારબાદ નિમાયેલ કર્મચારીઓને લાગુ પડે છે. ધોરણ -૬ થી ૮ના વિદ્યાસહાયકોની નિમણુંક વર્ષ ૨૦૦૬ ની નતિ હેઠળ થયેલ ન હોવાથી તેમને આ ઠરાવ લાગુ પડતો નથી.